

# ‘He Man’ ધર્મેન્દ્રના જીવનની ભાગદોડ!

કોઈ હિમેન કહે તો કહે ગરમ ધરમ. સૌથી વધારે હેન્ડસમ હીરોમાંના એક ધર્મેન્દ્રપાછળદુનિયાભરની છોકરીઓ દિવાની હતી. લાખો લોકોના રોલ મોડલ છે. રોમાન્સ, કોમેડી અને સિરીયસ રોલ ધર્મેન્દ્રે દરેક રોલને દિલથી નિભાવ્યા. એક્શન હીરોના રૂપમાં તો કમાલ જ કરી. આ ધર્મેન્દ્રને થોડા દિવસો પહેલા મુંબઈની બ્રીચ કેન્ડી હૉસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા હતા. જાણકારી પ્રમાણે ધર્મેન્દ્ર વયને લગતી સમસ્યાથી પીડાય છે અને રૂટીન તપાસ માટે હૉસ્પિટલ આવ્યા હતા. જોકે તેમના રિપોર્ટ પ્રમાણે ધર્મેન્દ્રને શ્વાસ લેવામાં તકલીફ છે. 89 વર્ષની ઉંમરના ધર્મેન્દ્રની હાલમાં હાલત સ્થિર છે અને તબિયતમાં સુધારો છે.

પંજાબના નાનકડા ગામમાં ધર્મેન્દ્રનો પરિવાર રહેતો હતો. પિતા કિશન દેઓલ એક શિક્ષક હતા. પિતાનું સપનુ હતું કે ધર્મેન્દ્ર ભણી-ગણી મોટા અધિકારી બને અને એટલે જ પિતા જે સ્કૂલમાં નોકરી કરતા હતા તે જ સ્કૂલમાં ધર્મેન્દ્રનું એડમિશન કરવામાં આવ્યું. ધર્મેન્દ્રને તેનું દુઃખ હતું કેમ કે સૌથી વધુ માર પડતો. ફિલ્મોમાં કામ કરવાનું જૂનૂન એટલુ હતું કે દરેક પળ ધર્મેન્દ્ર ફિલ્મો વિશે જ વિચારતા હતા. ફિલ્મો જોવાનો કોઈ જ મોકો છોડતા નહીં અને ક્યારેક તો સ્કૂલમાંથી ભાગીને ફિલ્મો જોવા જતા રહેતા. ભણવાનું ધર્મેન્દ્રને ક્યારેય રાસ ન આવ્યું. કેમ કે ધર્મેન્દ્રને ફિલ્મ સ્ટાર બનવા માગતા હતા. નાની વયે જ ફિલ્મોમાં કામ કરવાના સપના જોવા લાગ્યા. જેમ તેમ કરી મેટ્રીક પાસ કરી. એ ભણવાનો અંત હતો. પિતા ચિંતિત હતા કે આગળ જઈ ધર્મેન્દ્ર શું કરશે એટલે જ્યારે રેલ્વેમાં ક્લાર્કની નોકરીની જગ્યા પડી એટલે પિતાએ તે માટે મહેનત કરી અને ધર્મેન્દ્રને 125 રૂ. મહિના પગારમાં નોકરી મળી ગઈ અને નોકરી મળી એટલે તરત જ માતા-પિતાએ ધર્મેન્દ્રના લગ્ન પ્રકાશ કૌર સાથે કરાવી દીધા. પરિવારના સદસ્યોને થયું કે હવે ધર્મેન્દ્રને ફિલ્મોનું ભૂત ઉતરી જ જશે! પરંતુ ફિલ્મોમાં કામ કરવાનું સપનું બાળપણથી સાચવી રાખ્યું હતું અને તેને કોઈપણ કિંમતે પૂરુ કરવા માગતા હતા. ધર્મેન્દ્ર તેની પત્ની અને માતા-પિતાને હંમેશા કહેતા રહેતા કે ભલે ગમે તે થઈ જાય હું ફિલ્મોમાં કામ કરવા મુંબઈ જરૂર જશે. ધર્મેન્દ્રની માતાએ કહ્યું હંમેશા કહેતો રહે છે ફિલ્મોમાં કામ કરવું છે પહેલા ફિલ્મોવાળાને એપ્લિકેશન તો મોકલ! ધર્મેન્દ્ર પણ હકીકતનો અહેસાસ થયો કે મેં ખાલી વાતો જ કરી છે કોશિશ તો કરી જ નથી.

ધર્મેન્દ્રે નક્કી કરી લીધું કે હવે ફિલ્મોવાળાને એપ્લિકેશન લખવી છે પણ લખવી કોને? ધર્મેન્દ્ર કોઈને ઓળખતા નથી અને મુંજવણમાં પડી ગયા. પરંતુ કહેવાય છે ને કે ‘જહા ચાહ હૈ વહા રાહ હૈ’એક દિવસ વર્તમાન પત્રમાં જાહેરાત વાંચી. આ જાહેરાત ફિલ્મફેરની હતી. જાહેરાતમાં લખ્યું હતું કે બિમલ રોય અને ગુરુ દત્તને દેશભરમાં નવા ટેલેન્ટની તલાશમાં છે. ધર્મેન્દ્રને તો આ જ પળની રાહ જોતા હતા. ધર્મેન્દ્રને હવે મંઝિલનું સરનામુ મળી ગયું હતું જ્યાં એપ્લિકેશન મોકલવાની હતી. થોડા જ દિવસ પછી ફિલ્મફેરવાળા ધર્મેન્દ્રને સિલેક્ટ કર્યા છે તેવો જવાબ આવ્યો.

લિજેન્ડ

ધર્મેન્દ્ર પંજાબથી મુંબઈ આવી ગયા પણ માયાનગરી મુંબઈમાં આવતા જ સંઘર્ષ શરૂ થયો. કામ મળતું ન હતું અને પૈસા પણ ખતમ થઈ ગયા. ક્યારેક તો ભૂખ્યા રહીને સૂઈ જતા. એક વાર ભૂખથી બેહાલ ધર્મેન્દ્રની તબિયત ખરાબ થઈ ગઈ અને પાચન કરવા માટે બબૂલનો પાવડર જ ખાઈ લીધો. તરત જ ડૉક્ટર પાસે લઈ ગયા. ડૉક્ટરે કહ્યું કે ધર્મેન્દ્રને કોઈ પ્રોબ્લેમ નથી ભરપેટ ખાવાની જરૂર છે. ધીરે ધીરે ધર્મેન્દ્ર હિંમત હારવા લાગ્યા. અને પોતાના ગામ જવાનો નિર્ણય લીધો. પરંતુ દોસ્ત મનોજ કુમારે સમજાવ્યા કે થોડા દિવસ રાહ જોઈ લે. અર્જુન હિંગુરાની એક ફિલ્મ બનાવી રહ્યા છે ત્યાં જોઈ લે કોઈ કામ મળી જાય અને અર્જુન હિંગુરાની ફિલ્મ માટે ધર્મેન્દ્ર સાઈન કર્યા.



**ધર્મેન્દ્ર કોઇને ઓળખતા નથી અને મુંજવણમાં પડી ગયા. પરંતુ કહેવાય છે ને કે ‘જહા ચાહ હૈ વહા રાહ હૈ’ એક દિવસ વર્તમાન પત્રમાં જાહેરાત વાંચી. આ જાહેરાત ફિલ્મ ફેરની હતી. જાહેરાતમાં લખ્યું હતું કે બિમલ રોય અને ગુરુ દત્તને દેશભરમાં નવા ટેલેન્ટની તલાશમાં છે**

પહેલી ફિલ્મ હતી ‘દિલભી તેરા હમભી તેરે’થી મહેનત કરી અને પછી બોયફ્રેન્ડ, અનુપમા, પૂજા કે ફૂલ, હકીકત, મેંભી લડકી હું, કાજલ, બહારે ફીર આયેગી, અનપઢ, બંદની જેવી ફિલ્મોમાં કામ કર્યુ કેટલીક ફિલ્મો ચાલી કેટલીક ફ્લોપ રહી અને ત્યાર બાદ ધર્મેન્દ્રને જીવન બદલી નાખે તે ફિલ્મ મળી એ ફિલ્મ હતી ‘ફૂલ ઔર પથ્થર’રોમાન્ટિક હીરો તરીકે લોકોને ધર્મેન્દ્ર ખૂબ પસંદ આવ્યા. કામયાબી મળી અને ભારતના સૌથી મોટા સ્ટાર અને સૌથી વધુ ફી લેતા સ્ટાર બન્યા ધર્મેન્દ્ર. ●



# મનમોહન દેસાઇની પત્નીએ લખેલી ફિલ્મ ‘સચ્ચા જુઠા’

લગભગ બધા આ વાત જાણતા જ હશે કે દિલ (સ્વભાવ) જોવાનું હોય. શકલ ન જોવાની હોય, અત્યારે જ નહીં પહેલાના લોકો પણ ચહેરા જોતા હશે તેવું આ ગીત સાબિત કરે છે.

‘‘દિલ કો દેખો, ચહેરા ના દેખો,
ચહેરેને લાખો કો લૂંટા,
દિલ સચ્ચા ઔર ચહેરા જુઠા’’

1970 માં આવેલી ફિલ્મ ‘સચ્ચા જુઠા’ની વાત કરવાના. ડાયરેક્ટર મનમોહન દેસાઈ અને ફિલ્મની સ્ટોરી લખી હતી મનોહન દેસાઈની પત્ની જીવન પ્રભાએ, ડાઈલોગ લખ્યા હતા પ્રયાગ રાજે. સ્ટાર કાસ્ટમાં રાજેશ ખન્ના, મુમતાઝ અને વિનોદ ખન્ના. સચ્ચા-જુઠા ફિલ્મ તેના મધૂર અને કર્ણપ્રિય ગીતોને કારણે આજે પણ યાદ આવે છે.

આ ફિલ્મના હીરો માટે ડાયરેક્ટર મનમોહન દેસાઈ શશી કપૂર પાસે જાય છે, શશી કપૂરને જ્યારે ખબર પડે છે કે હીરોઈન મુમતાઝ છે તો ફિલ્મ કરવાની ના પાડી દે છે. તે સમયે બધા મુમતાઝને મુખ્ય ધારાની હીરોઈન નહોતા માનતા.

1969થી 1977 સુધીમાં રાજેશ ખન્નાએ 17 હિટ ફિલ્મો આપી પોતાને હિન્દી ફિલ્મોના સુપરસ્ટાર સાબિત કર્યા. રાજેશ ખન્નાએ નેગેટિવ રોલ કરવાની શરૂઆત ‘સચ્ચા-જુઠા’ ફિલ્મથી કરી. આ પહેલા તે પોઝિટિવ જ રોલ કરતા હતા. રાજેશ ખન્નાએ 3 ફિલ્મોમાં ડબલ રોલ કર્યા છે, તેમાંની એક ફિલ્મ તે ‘સચ્ચા-જુઠા’ છે. આ પહેલા ‘રાઝ’ અને ‘આરાધના’માં ડબલ રોલ કરી ચુક્યા છે. ફિલ્મની શરૂઆતમાં ફેન્સી ડ્રેસનો એક સિન આવે જેમાં રાજેશ ખન્ના ઝોરોના કોસ્ચ્યુમમાં જોવા મળે છે. ઝોરો એક કાલ્પનિક કેરેક્ટર છે જે અમેરિકન લેખક દ્વારા લખવામાં આવ્યું છે.

કિસ્સા કહાની

મનમોહન દેસાઈએ ફિલ્મનું નામ પહેલા ‘દિલ સચ્ચા ચહેરા જુઠા’ રાખવામાં આવ્યું હતું પરંતુ

**રાજેશ ખન્નાએ નેગેટિવ રોલ કરવાની શરૂઆત ‘સચ્ચા-જુઠા’ ફિલ્મથી કરી. આ પહેલા તે પોઝિટિવ જ રોલ કરતા હતા.**

ફિલ્મના પ્રોડ્યુસરે જ્યારે નામ સાંભળ્યું ત્યારે નામ ખૂબ લાંબુ અને પસંદ ના આવ્યું. ઘણા મિટિંગ અને ઘણું વિચાર્યા પછી ‘સચ્ચા જુઠા’ રાખવામાં આવ્યુ. આ બદલાવ પછી પણ મનમોદન દેસાઈ ખૂશ ન હતા. તેથી ‘દિલ સચ્ચા ચહેરા જુઠા’ વાક્યને લઈને એક ગીત બનાવવાનું નક્કી કરી લીધું. જે ફિલ્મની શરૂઆતમાં જ મુકવામાં આવ્યું. ‘સચ્ચા જુઠા’ ફિલ્મની વાત કરીએ ત્યારે મોતી (કુતરો)ની વાત કરવી જ રહી. મોતીનું સાચુ નામ રોક્સી હતું. રોક્સી એ ‘તેરી મહેરબાનીયા’ અને ‘મર્દ’ ફિલ્મમાં કામ કર્યું છે. મોતી જે ફિલ્મના ક્લાઈમેક્સ માટે મહત્ત્વપૂર્ણ હતો. મોતીને જ અદાલતમાં સાબિત કરવાનું હતું કે ગુનેગાર કોણ છે? અને તેના પછી બોલિવૂડમાં આ આઈડિયા પર ‘બોલ રાધા બોલ’ ફિલ્મ બની. . ●

# સતિશનો લાસ્ટ જોક- હું સાજો થઇ રહ્યો છું અને બહુ જલદી ફ્રેન્ડ્સને મળી શકીશ...


સતીશ શાહની વિદાઈ સારાભાઈ વર્સેસ સારાભાઈ શો જોવી જ રહી, તેમના ગયા પછી વધારે મિસ થઈ રહી છે. પરદા પર હસાવતી ‘સારા ભાઈ’ ફેમેલીએ સતીશ શાહને શ્રદ્ધાંજલિ આપી બધાને ઓચિંતા વરસાદની જેમ ભીંજવી દીધા ત્યારે ઓચિંતા જ એક્ઝિટ લીધેલા સતીશ શાહ વિષે તેમના સાથી રત્ના પાઠક શાહે સતીશની યાદને વાગોળતો, એક દોસ્તની મૃત્યને સ્વીકારતો, સાથી કલાકારને વધાવતો એક શ્રદ્ધાંજલિ લેખ લખ્યો તે અહીં ફરી સારાભાઈ વર્સેસ સારાભાઈના જૂના એપિસોડની જેમ માણીએ..

25 ઑક્ટોબરે બપોરે 12:57એ મને વૉટ્સએપ પર મેસેજ મળ્યો, ‘મારી ઉંમરને લીધે લોકો મને ઘણી વાર ભૂલથી ઍડલ્ટ ગણી લે છે.’ આ મેસેજ સતીશ શાહે મોકલ્યો હતો. મેં 2:14 વાગ્યે રિપ્લાયમાં લખ્યું કે આ તારા માટે એકદમ સાચું છે. 3:49 વાગ્યે જ્યારે જે.ડી. મજીઠિયાએ મેસેજ કર્યો કે સતીશભાઈ હવે આપણી વચ્ચે નથી ત્યારે મને લાગ્યું કે કોઈ મજાક કરી રહ્યું છે. પણ જેમ આ વાત ગળે ઊતરી એમ એ વધારે અવિશ્વસનીય લાગવા લાગી, સતીશ જતો રહ્યો! જીવનને પૂર્ણતા સાથે જીવવા માટે, એના પર હસવા માટે, દરેક પડકારનો સામનો કરી એમાંથી હસીને બહાર આવવા માટે માણસ જતો રહ્યો.

આઘાતગ્રસ્ત અને ભાંગી પડેલા મિત્રો એકબીજાને મેસેજ કરતા રહ્યા કે આ કેવી રીતે થયું? ક્યારે થયું? તેની સાથે કોણ હતું? હવે તે ક્યાં છે? કોઈને ખબર નહોતી પડી રહી કે શું કરવું. બસ, સતીશ આપણી વચ્ચેથી જતો રહ્યો. પછીથી મને ખબર પડી કે જ્યારે મને સતીશનો મેસેજ મળ્યો હતો એ જ સમયની આસપાસ અન્ય મિત્રોને પણ સતીશના મેસેજ મળ્યા હતા. અફકોર્સ, જોક્સના મેસેજ. લંચ માટે બેસતી વખતે મિત્રોમાં આનંદ વહેંચીને, હું સંપૂર્ણપણે સાજો થઈ રહ્યો છું અને બહુ જલદી ફ્રેન્ડ્સને મળી શકીશ એવા આત્મવિશ્વાસ સાથે સતીશ શાહે છેલ્લો જોક માર્યો- તે જતો રહ્યો!

હું સતીશને 1980ના દાયકાની શરૂઆતથી ઓળખતી હતી. એ વખતે ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (FTII)ના ગ્રૅજ્યુએટ્સ ફિલ્મ કેવી હોવી જોઈએ, રિયલ લાગતા ચહેરા અને અમે કદી જોઈ ન હોય એવી ઍક્ટિંગ-સ્કિલ્સ ચોતરફ જોવા મળી રહ્યાં હતાં અને એ માટેનું ઑડિયન્સ પણ વધી રહ્યું હતું. પરિવર્તનનો પવન ફૂંકાઈ રહ્યો હતો. સતીશ પાસે આવી ફિલ્મો માટેની બધી સ્કિલ્સ હતી. તે ગાઈ શકતો, નાચી શકતો, જરૂર પડે ત્યારે ડ્રામેટીક થઈ શકતો, બૉડી પર તેનો કન્ટ્રોલ અને જે ગ્રેસ સાથે તે ચાલતો એ ખાસ હતું. ભાષાઓ અને બોલવાની લઢણો બાબતે તો તે પાવરધો હતો. સાંભળેલું યાદ રાખવામાં તેની સ્મરણશક્તિ ગજબ હતી અને તેનું સંવેદનશીલ પાસું પણ હતું. એ સમયના દિગ્દર્શકોને સતીશમાં હ્યુમર સિવાય બીજાં પાસાં ન દેખાયાં એ દુઃખની વાત છે. કદાચ સતીશ પોતે પણ પોતાની જાતને એક રમૂજી વ્યક્તિ તરીકે જ જોવા લાગ્યો હતો. રમૂજી હોવાના એ ‘ભ્રમ’ને તેણે ઑન-સ્ક્રીન અને ઑફ-સ્ક્રીન જાળવી રાખ્યો, અથવા કદાચ એ જ સાચો સતીશ હતો. અલબત્ત, મને તો નવાઈ લાગે છે કે શું ખરેખર તે ક્યારેય ‘ઑફ-સ્ક્રીન’ હતો? તેને ટેલિવિઝન પર સફળતા મળી એ પછી તેની નવી જ સફર શરૂ થઈ. આ સફરથી જાણે તેને એક સુરક્ષિત અસ્તિત્વ મળ્યું, મોટું ફૅન-ફૉલોઈંગ મળ્યું, કામનો સંતોષ મળ્યો અને સારા મિત્રો પણ મળ્યા. બની શકે કે આ બધું મેળવવા માટે તેણે નાની કિંમત ચૂકવવી પડી, એ કિંમત એટલે તેના પર્ફોર્મન્સમાં વિવિધતાનો અભાવ અને પોતાના વ્યક્તિત્વને વ્યાપક બનાવવાની અનિચ્છા.

મારા માટે તો એ કૉમેડીની સ્કૂલ હતી. કઈ રીતે ડાયલૉગનું ટાઈમિંગ જાળવીને પંચલાઈન મારવી, કઈ રીતે ગાંડપણને સ્વીકારીને પણ ગૌરવ અને લાગણી જાળવવાં એ મને શીખવા મળ્યું. હું પર્ફોર્મન્સમાં વાસ્તવને શોધતી હતી અને સતીશ છાપ છોડવાની શોધમાં રહેતો. મને થોડા જ સમયમાં સમજાઈ ગયું કે આ બન્ને બાબત જરૂરી છે અને અહીંથી શરૂ થયેલી પ્રોસેસનાં ફળ ‘સારાભાઈ વર્સસ સારાભાઈ’માં મળ્યાં. આતિશ કાપડિયા અને જે. ડી. મજીઠિયાએ મને એકદમ નાની બ્રીફ આપીને તેમના આ શો વિશે કહ્યું ત્યારે મને એ એકદમ ક્રેઝી અને હટકે લાગ્યો એટલે મેં તરત હા પાડી દીધી હતી. તરત જ બીજો પ્રશ્ન હતો કે તો હવે ઈન્દ્રવદનનો રોલ કોણ કરશે? જોકે આ એકદમ બિનજરૂરી પ્રશ્ન હતો, જેના જવાબ માટે વિચાર કરવાની જરૂર જ નહોતી. અફકોર્સ સતીશ શાહ!



**મારા માટે તો એ કૉમેડીની સ્કૂલ હતી. કઈ રીતે ડાયલૉગનું ટાઇમિંગ જાળવીને પંચલાઇન મારવી, કઈ રીતે ગાંડપણને સ્વીકારીને પણ ગૌરવ અને લાગણી જાળવવાં એ મને શીખવા મળ્યું. હું પર્ફોર્મન્સમાં વાસ્તવને શોધતી હતી અને સતીશ છાપ છોડવાની શોધમાં રહેતો**

યાદોં કી બારાત

સતીશ માટે તો આ એકદમ ઉત્તમ હતું, કારણ કે અહીં તો તે જે છે એકદમ એ જ બનીને રહી શકતો હતો. સતીશે એક પાળેલો અજગર રાખ્યો હતો જેને તે પોતાના ઘરે આવતા મહેમાનો પાસે છોડી પણ દેતો. તેણે એક વાર એવું નસીર સાથે પણ કર્યું હતું. નસીરને તો સાપનો ફોબિયા છે. પછી તો તેણે એ અજગરને શાંતિથી પોતાની ફરતે વીંટાળ્યો ત્યારે તેની મમ્મી આઘાત અને આશ્ચર્યમાં જોઈ રહી હતી, તેણે પોતે જન્મ આપેલા એ વિચિત્ર પ્રાણી સામે!

બધાને એવું જ લાગતું કે સતીશ ક્યારેય સિરિયસ નથી હોતો, તે દરેક સ્થિતમાં કંઈક વિચિત્રતા શોધી લેતો. જીવનનાં દુખદ દુર્ભાગ્યો અને સંઘર્ષ છતાં તેને કોઈએ ઉદાસ કે નિરાશ નથી જોયો, પણ જ્યારે કોઈ જોતું ન હોય ત્યારે સતીશ કોણ હતો? મને પણ એ જ વાતનું ઘણી વાર આશ્ચર્ય થતું. પણ બેશક, તે અમારા સારાભાઈ ફૅમિલીનો આધારસ્તંભ હતો.

અને હા, અમે સાચે જ એક ફૅમિલી બની ગયા છીએ, જ્યારે અમે સતીશને અંતિમ વિદાય આપવા માટે ભેગા થયા ત્યારે એ વાત સતીશની ગેરહાજરીમાં તો વધારે ઊંડાણથી અનુભવાઈ હતી. અમે તેને તદ્દન મૌન જોયો.

જેને કોઈ રોકી શકે એમ નહોતું તે અચાનક બોલતાં-બોલતાં અધવચ્ચે અટકી ગયો, તેનો બોલકો ચહેરો એકદમ સ્થિર થઈ ગયો. છેલ્લાં 45 વર્ષથી તેના જીવનના દરેક તબક્કાની ભાગીદાર મધુ માટે શું થયું છે એ સમજવાનું અઘરું હતું. તેણે મને પૂછેલું, ‘શું ખરેખર આવું બન્યું છે?’ તેની આંખો સ્તબ્ધ અને હાથ સજ્જડ થઈ ગયા હતા. સતીશ મધુ માટે જ જીવવા માગતો હતો. તેના સંઘર્ષભર્યા સમયમાં તેની સાથે રહેવા માગતો હતો. ‘મધુએ મારા માટે વર્ષોથી આ કર્યું છે, હવે મારો વારો છે’ એવું તે કહેતો.

સતીશ ખૂબ સારું ગાતો, તે ગાતો ત્યારે પત્ની મધુ પણ તેના મધુર અને આનંદી સ્વરમાં તેને સાથ આપતી. હવે તેના માટે અને તેની સાથે કોણ ગાશે?

સારાભાઈ ફૅમિલી આ પ્રસંગે આગળ આવી હતી અને તેનાં બધાં જ ગમતાં ગીતો અમે ગાયાં હતાં, મધુ પણ અમારી સાથે જોડાઈ શકી હતી.

શરૂઆતમાં તેણે ધીમા અવાજે ગીતો ગાયાં હતાં. એ ગીતો સાથે જોડાયેલી વ્યક્તિ ત્યાં હાજર નહોતી એ વાત સ્વીકારવી મધુ માટે ખૂબ મુશ્કેલ હતી. પણ પછી સતીશના જીવનને એક ઉત્સવ તરીકે ઊજવવા માટે ભેગા થયેલા સ્વજનોની હૂંફને લીધે મધુ ખૂલી ઊઠી. ગાતાં-ગાતાં તેનો અવાજ બુલંદ થતો ગયો હતો. જાણે કે તે તેના સતીશ સામે જ ગાઈ રહી હતી. ને ઓચિંતો વરસાદ પણ પડ્યો ●